# "ડાયમંડ" શબ્દ હવે માત્ર કુદરતી હીરા માટે જ માન્ય

**સિન્થેટિક** હીરા માટે "લેબોરેટરી-ગ્રોન" અથવા "લેબોરેટરી-ક્રિએટેડ ડાયમંડ" શબ્દો ફરજિયાત, ભ્રામક શબ્દો પર પ્રતિબંધ મુકાયો

સુરતઃ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા જાહેર કરાયેલા નવા ધોરણ IS 19469:2025 હેઠળ હીરા ઉદ્યોગ અને ગ્રાહકો માટે મહત્ત્વપૂર્ણ અને સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવી છે.

આ નવા ધોરણ મુજબ હવે "ડાયમંડ" (Diamond) શબ્દનો ઉપયોગ માત્ર કુદરતી (નેચરલ) હીરા માટે જ માન્ય ગણાશે. લેબોરેટરીમાં બનાવવામાં આવતા હીરા માટે સ્પષ્ટ અને ફરજિયાત ખુલાસા સાથે નિર્ધારિત શબ્દાવલીનો ઉપયોગ કરવો અનિવાર્ય રહેશે.

મંત્રાલયના નિર્દેશ મુજબ હીરા ઉદ્યોગના વિવિધ હિતધારકોના પ્રતિનિધિઓને સામેલ કરીને વર્કિંગ ગ્રુપ-4ની રચના કરવામાં આવી હતી. આ ગ્રુપ દ્વારા વિસ્તૃત ચર્ચા અને વિચારવિમર્શ બાદ નવા ધોરણને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

નવા BIS ધોરણ હેઠળ ભારતમાં હવે સત્તાવાર રીતે "લેબોરેટરી-ગ્રોન ડાયમંડ" (Laboratory-grown diamond) અને "લેબોરેટરી-ક્રિએટેડ ડાયમંડ" (Laboratory-created diamond) જેવા શબ્દો અપનાવવામાં આવ્યા છે. આ શબ્દોનો ઉપયોગ ઉત્પાદન, વેચાણ, દસ્તાવેજો, પ્રમાણપત્રો તથા માર્કેટિંગ સામગ્રીમાં કરવો ફરજિયાત રહેશે. સાથે જ ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા કે "ફેક", "આર્ટિફિશિયલ" જેવા જૂના અને અસ્પષ્ટ શબ્દોના ઉપયોગ પર સ્પષ્ટ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. BISનું માનવું છે કે આ નિર્ણયથી કુદરતી અને લેબમાં બનેલા હીરા વચ્ચેનો ભેદ વધુ પારદર્શક બનશે અને ગ્રાહકોનો વિશ્વાસ વધશે.

# ચૌટામાં પોલીસનું કડક વલણ, દબાણ કરનાર ફેરિયાની ધરપકડ

**ફેરિયો** ચૌટાબજાર ચાર રસ્તા પાસે જાહેર રસ્તા પર લોખંડનું સ્ટેન્ડ મૂકી ટ્રાફિક અટકાવતો હતો

સુરતઃ સુરત શહેરનું 'હાર્ટ' ગણાતું ચૌટા બજાર ખરીદી માટે હંમેશાં ભીડથી છલકાતું રહે છે. પરંતુ વર્ષો જૂનાં દબાણો કારણે અહીંના સાંકડા રસ્તાઓ સ્થાનિકો, ગ્રાહકો અને મુસાફરો માટે મોટી સમસ્યા બની ગયા હતા. આ દબાણોને દૂર કરવા માટે સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગે સંયુક્ત રીતે કડક કાર્યવાહીનો માર્ગ અપનાવ્યો છે.

આશરે પંદર દિવસ પહેલા મેયર દક્ષેશ માવાણીએ ચૌટા બજાર તથા ચૌટા પુલ વિસ્તારમાં સ્થળ મુલાકાત લીધી હતી. ત્યારે તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો રસ્તાઓ પરથી દબાણ સ્વેચ્છાએ નહીં હટાવવામાં આવે તો તંત્ર કાયદેસરની કડક કાર્યવાહી કરશે. શરૂઆતમાં થોડા દિવસો સુધી સ્થિતિ સુધરેલી જણાઈ હતી, પરંતુ બાદમાં ફરીથી ફેરિયા અને કેટલાક વેપારીઓએ જાહેર રસ્તાઓ પર સ્ટેન્ડ અને સામાન મૂકવાનું શરૂ કરી દીધું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ચૌટા પુલ અને આસપાસના વિસ્તારોમાં દબાણ એટલું વધી ગયું છે કે કોઈ ઈમરજન્સી સર્જાય તો ફાયર બ્રિગેડ કે એમ્બ્યુલન્સ પસાર થવી પણ મુશ્કેલ બની જાય. સ્થાનિકોએ ફરી દબાણ વધ્યાના ફોટોગ્રાફ્સ મોકલતાં તંત્ર વધુ સખત બન્યું હતું. આ સૂચના બાદ અઠવા પોલીસ સ્ટેશનની ટીમ એક્શન મોડમાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન પોલીસને ચૌટા બજાર ચાર રસ્તા પાસે 'લાલાની બેંગલ' સામે જાહેર રોડ પર લોખંડનું મોટું સ્ટેન્ડ મૂકવામાં આવ્યું હોવાની માહિતી મળી હતી. સ્ટેન્ડ પર મહિલાઓના એક્સેસરીઝ (બોરીયા-બક્કલ) પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાઈ રહ્યો હતો. પોલીસ તપાસમાં ખૂલ્યું કે, 30 વર્ષીય પ્રકાશ નંદલાલ શાહે આ દબાણ કર્યું હતું. જાહેર માર્ગ પર જોખમ ઊભું કરવા અને ટ્રાફિકમાં અવરોધ સર્જવાના ગુના હેઠળ તેની ધરપકડ કરી સ્ટેન્ડ સહિતનો માલ જપ્ત કરવામાં આવ્યો છે.

### ચૌટાનો ઇતિહાસ 1700 વર્ષથી પણ જુનો છે

ચૌટા બજારનો ઇતિહાસ 1700 વર્ષથી પણ જૂનો છે. અહીં 800થી વધુ દુકાનો અને અંદાજે 1500થી વધુ ફેરિયાઓ બેસે છે. દબાણના કારણે 18 ફૂટનો રસ્તો સકડીને માત્ર 6થી 8 ફૂટ જેટલો રહી જાય છે. અગાઉ અનેક વખત દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી, પરંતુ કાયમી પરિણામ મળ્યા નહોતાં. હવે પોલીસ કમિશનર અને મેયરના સંયુક્ત માર્ગદર્શન હેઠળ આ અભિયાનને વધુ તેજ બનાવવાની તૈયારી છે.

### મેયરે પહેલેથી સંકેત આપ્યા હતા કે દુકાનો સીલ થશે ,ધરપકડ પણ થશે

મેયરે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે, જો જરૂર પડશે તો દબાણ કરનાર વેપારીઓની દુકાનો સીલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. સ્થાનિકોએ આ કડક પગલાંનું સ્વાગત કર્યું છે અને આશા વ્યક્ત કરી છે કે આ વખતે તંત્રની કાર્યવાહી માત્ર ઔપચારિકતા ન બની રહે, પરંતુ ચૌટા બજારના રસ્તાઓ કાયમી રીતે ખુલ્લા થાય.

# આપના યુવા નેતા સામે 36 કલાકમાં ખંડણીની બીજી ફરિયાદ

**સસ્તા** અનાજના વેપારીને બદનામી અને લાઇસન્સ રદ કરવાની ધમકી આપી 80 હજાર પડાવ્યાનો આરોપ મુકાયો

સુરતઃ શહેરમાં આમ આદમી પાર્ટીના યુવા નેતા અને યુવા વિંગના મહામંત્રી શ્રવણ જોશી સામે ફરિયાદોની સંખ્યા વધતી જઈ રહી છે.

ગોડાદરા વિસ્તારના લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા અને પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર નામે સસ્તા અનાજની દુકાન ચલાવતા વેપારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત 21 સપ્ટેમ્બર 2025ના રોજ શ્રવણ જોશી પોતાના સાગરીત સંપત ચૌધરી સાથે દુકાને આવ્યો હતો. પોતે આમ આદમી પાર્ટીનો કાર્યકર હોવાનું જણાવી વેપારી પર કાળાબજારના ખોટા આક્ષેપો કરાયા હતા અને દુકાનનું લાઈસન્સ રદ કરાવી દેવાની અને દુકાન બંધ કરાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.


આ સાથે અગાઉ અન્ય વેપારીઓના વિડીયો વાયરલ કર્યાનો ઉલ્લેખ કરી દર મહિને એક લાખ રૂપિયાનો હપ્તો માંગવામાં આવ્યો હતો. ડર અને દબાણના કારણે અંતે વેપારીએ સમાધાન સ્વીકાર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. 5 ઓક્ટોબર-2025ના રોજ આદર્શ સ્કૂલ પાસે જાહેર રોડ પર સંપત ચૌધરીએ વેપારી પાસેથી 80 હજાર રૂપિયા રોકડા લીધા હતા. આ સમગ્ર લેવડદેવડ વેપારીએ પોતાના મોબાઈલમાં રેકોર્ડ કરી હતી, જે હવે પોલીસ તપાસમાં મુખ્ય પુરાવા તરીકે સામે આવ્યું છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે અન્ય વેપારીઓ પાસેથી પણ આવી જ રીતે પૈસા પડાવ્યા હોવાના આરોપો સામે આવ્યા છે.

### આપના યુવા નેતા શ્રવણ જોશી અને સાગરીત સંપત ચૌધરીને જેલભેગા કરાયા

સસ્તા અનાજના દુકાનદારો પાસેથી કાળાબજારીના નામે વિડીયો બનાવી ધમકાવી ખંડણી માંગનાર શ્રવણ જોષી અને સંપત ચૌધરી સામે લિંબાયત પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. ગઈકાલે આરોપીઓને કોર્ટમાં લવાયા હતા. બંને આરોપીએ કોર્ટ સમક્ષ પોલીસે માર માર્યો હોવાની ફરિયાદ કરી હતી. કોર્ટે આરોપીની મેડિકલ તપાસ માટે હોસ્પિટલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. મેડીકલ તપાસ બાદ બંને આરોપીને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે બંને આરોપીને જેલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

# ઉનથી સચિન-પલસાણા હાઈવે સુધીનો રસ્તો અંતે ખુલ્લો થયો

**સુરત** મનપાને રસ્તા માટે જરૂરી 1980 ચોરસ મીટર ખુલ્લી જમીનનો કબજો મળ્યો



સુરત : મનપા દ્વારા ઉનમાં ટાઉન પ્લાનિંગ સ્કીમના અમલ હેઠળ 15 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર 2025 દરમિયાન ટી.પી. રોડ પરના દબાણો દૂર કરી રસ્તાની જમીન પરનો કબ્જો મેળવવામાં આવ્યો છે. ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 59 (ઉન) હેઠળ ફાઇનલ પ્લોટ નં.256/એ થી 225/એ સુધીના 15 મીટર પહોળા રસ્તા પર ગુલશનનગર, આસ્માનગર, જુબેર પાર્ક અને જલકૃપા સોસાયટી વિસ્તારમાં વર્ષોથી કાચા અને પાકા મકાનો આવેલા હતા. આ કારણે રસ્તાની સંપૂર્ણ પહોળાઈ ઉપલબ્ધ ન હતી. મનપાએ મિલ્કતધારકોને અગાઉ નોટિસ આપી સમજાવટ સાથે કાર્યવાહી કરતા અંદાજે 1170 ચોરસ મીટર બાંધકામ દૂર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફાઇનલ પ્લોટ નં. 257/એ થી 243 સુધીના 18 મીટર પહોળા રસ્તા પર સિદ્દીકનગર સોસાયટી વિસ્તારમાં આશરે 810 ચોરસ મીટર દબાણ દૂર કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યવાહી દરમિયાન સ્થાનિક રહેવાસીઓના સહકારથી કુલ 1980 ચોરસ મીટર બાંધકામ દૂર કરી બંને રસ્તાઓને સંપૂર્ણ પહોળાઈમાં ખુલ્લા કરવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકાને રસ્તા માટે જરૂરી 1980 ચોરસ મીટર ખુલ્લી જમીનનો કબ્જો મળ્યો છે. હવે ઉન ભીંડી બજારથી સચિન-પલસાણા ને.હા. સુધી સીધો વાહન વ્યવહાર શરૂ થતાં વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ઘટશે.

### ખાનગી જગ્યામાંથી ઝુંપડા હટાવવા નીતિ બનશે

# સુરતમાં સ્લમ માત્ર 5 ટકા, પ્રથમ સ્લમ ફ્રી સિટી બનશે

**સુરતની** જ તર્જ પર રાજ્યના અન્ય નગરો-મહાનગરોને પણ સ્લમ ફ્રી બનાવવા મુખ્યમંત્રીની સૂચના

સુરત : સુરતની જેમ અન્ય શહેરોને પણ સ્લમ ફ્રી બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચીફ સેક્રેટરીને આદેશ આપ્યા હતા. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, જે તે સમયે મુખ્યમંત્રી મોદીએ રાજ્યના નગરો-મહાનગરોને સ્લમ ફ્રી એટલે કે, ઝૂંપડપટ્ટી મુક્ત શહેરો બનાવવા માટે એક મહત્વકાંક્ષી પહેલ કરી હતી. ત્યારે એટલે કે વર્ષ 2006માં સુરતની લગભગ 38 ટકા આબાદી ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતી હતી. જો કે સુરતે જે ઝડપથી સ્લમ ફ્રી સીટી પ્રોજેક્ટ પર કામ કર્યુ તેના કારણે હાલ માત્ર 5 ટકા આબાદી ઝુપડપટ્ટીમાં વસવાટ કરે છે.

જેથી સુરતમાં સ્લમ વિસ્તાર લગભગ નહિવત થવાના આરે છે અને સુરત રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બને તેવા સાનુકૂળ સંજોગો ઊભા થયા છે, તેથી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ સુરત શહેરને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર કેવી રીતે બનાવી શકાય તે દિશામાં ચર્ચા-વિચારણા કરીને પરિણામલક્ષી કામગીરી કરવા માટે મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. સુરત જો આ સિદ્ધિ પ્રાપ્ત કરશે, તો ભારતનું પ્રથમ મોટું સ્લમ ફ્રી શહેર બનશે. જોકે, ચંદીગઢ દેશનું પ્રથમ ઝૂંપડપટ્ટી મુક્ત શહેર હોવાનું ગૌરવ ધરાવે છે, પરંતુ તેની સરખામણીમાં, સુરતની વસ્તી આશરે 80 લાખ છે, જે આ સિદ્ધિને વધુ નોંધપાત્ર બનાવશે.

# ભરત કેન્સર હોસ્પિટલના ડોક્ટર રોકાણના નામે 28 લાખમાં છેતરાયા

**શેરબજાર** અને આઈપીઓમાં ઊંચા નફાની ગઠિયાઓએ લાલચ આપી હતી

સુરતઃ સતત વધી રહ્યા છે. આ વખતે ડિંડોલી વિસ્તારના એક યુવક ડોક્ટરને આઈપીઓ અને શેરબજારમાં વધુ નફાની લાલચ આપી સાયબર ફ્રોડ ટોળકીએ રૂ.૨૮.૩૨ લાખની મોટી ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે.

ડિંડોલી દેલાડવા ગામના કૈલાસ બંગલા વિસ્તારમાં રહેતા અને સારોલી સ્થિત ભરત કેન્સર હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા કલ્પેશ સોમા પટેલ સાયબર ફ્રોડ ટોળકીનો શિકાર બન્યા છે. મૂળ પાટણ જિલ્લાના ખાડીયાચોક વિસ્તારના બોખલો વંડાના વતની કલ્પેશ પટેલને એક સુવ્યવસ્થિત સાયબર ટોળકીએ શેરબજાર અને આઈપીઓમાં રોકાણ કરાવવાના બહાને ફસાવ્યા હતા. ફરિયાદ મુજબ અંદાજે ૧૧ જણાની સાયબર ટોળકીએ અલગ-અલગ સમયગાળામાં કલ્પેશ પટેલનો સંપર્ક કરી તેમને રોકાણ બદલ ૧૫ ટકાથી ૩૦ ટકા સુધીનો નફો મળશે તેવી ખાતરી આપી હતી. વિશ્વાસ બેસાડવા માટે ટોળકીએ પોતાને કાયદેસર કંપની સાથે જોડાયેલા હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં, સેબીના ટોપ બ્રોકર તરીકે નોંધાયેલા હોવાનું દર્શાવતું ખોટું અને બનાવટી સર્ટિફિકેટ પણ મોકલી આપ્યું હતું. ટોળકીની વાતોમાં આવી કલ્પેશ પટેલે અલગ-અલગ તબક્કે કુલ રૂ.૨૮.૯૩ લાખ જેટલી રકમ રોકાણરૂપે ટ્રાન્સફર કરી હતી.

શરૂઆતમાં વિશ્વાસ વધારવા માટે ટોળકીએ રૂ.૬૧,૬૦૦ની રકમ વિડ્રો કરવાની મંજૂરી આપી હતી. જેના કારણે પીડિતને રોકાણ સાચું હોવાનું લાગ્યું હતું. ત્યારબાદ જ્યારે કલ્પેશ પટેલે બાકી રકમ પરત માંગતાં સાયબર ઠગોએ વિવિધ બહાનાં કાઢી વધુ પૈસા ભરવાની માંગણી શરૂ કરી હતી.

અંતે રૂ.૨૮.૩૧ લાખની રકમ પરત ન આપીને ટોળકીએ સંપૂર્ણ રીતે છેતરપિંડી આચરી હતી. લાંબા સમય સુધી સંપર્ક ન થતાં અને પૈસા અટવાઈ જતા પીડિતને પોતે સાયબર ફ્રોડનો ભોગ બન્યાનો અહેસાસ થયો હતો. આ મામલે કલ્પેશ પટેલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ૧૧ આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સાયબર ક્રાઈમ પોલીસ ટોળકીનાં બેંક ટ્રાન્ઝેક્શન, મોબાઈલ નંબર અને ડિજિટલ પુરાવાઓના આધારે આરોપીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

### દિલ્હીમાં ગાઢ ધુમ્મસને લીધે સુરત એરપોર્ટ પર બે ફ્લાઇટ મોડી પડી

સુરત : નવી દિલ્હી એરપોર્ટ પર ગાઢ ધુમ્મસને લીધે દિલ્હીથી સુરત આવતી ફ્લાઇટ મોડી પડી હતી. એને લીધે સુરતથી રવાના થતી ફ્લાઇટ પણ મોડી પડી હતી. સુરતથી દિલ્હી જતી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટ 6E-2646, સવારે 8:30 વાગ્યે નિર્ધારિત સમય કરતાં 1 કલાક અને 13 મિનિટ મોડી ટેક ઓફ થઈ હતી. એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ IX-264, જે સવારે 9:00 વાગ્યે સુરતથી બેંગકોક જવાની બદલે 1 કલાક અને 25 મિનિટ મોડી ટેક ઓફ થઈ હતી. આ ફ્લાઇટ પણ દિલ્હીથી સુરત આવી બેંગકોક જાય છે.

**સરાહના** નવી સિવિલ હોસ્પિટલની ન્યૂરોસર્જરીની સારવાર ગરીબ દર્દીઓ માટે આશીર્વાદ બની

# એક જ વર્ષમાં મગજની 480થી વધુ સર્જરી

**એક** વર્ષમાં ન્યૂરોસર્જરી વિભાગમાં 4 હજારથી વધુ અને ન્યૂરોલોજીમાં 15 હજારથી વધુ ઓપીડી દર્દીઓએ સારવાર લીધી

સુરતઃ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા દોઢેક વર્ષથી શરૂ કરાયેલી ન્યૂરોસર્જરી સેવા આજે હજારો ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે સાચો આશીર્વાદ સાબિત થઈ રહી છે. વર્ષ-૨૦૨૫ના આંકડા મુજબ નવી સિવિલ હોસ્પિટલના ન્યૂરો વિભાગમાં કુલ ૪,૦૯૬ દર્દીએ ઓપીડીમાં સારવાર લીધી, જ્યારે ૧,૩૬૭ દર્દીને દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. ન્યૂરોસર્જરી જેવી અતિ જટિલ શાખામાં સિવિલ હોસ્પિટલના તજજ્ઞ તબીબોએ એક વર્ષમાં ૪૮૦ મોટી સર્જરી અને ૧૧ નાની સર્જરી સહિત કુલ ૪૯૧ ઓપરેશન સફળતાપૂર્વક કર્યાં છે.

### આ નિષ્ણાત તબીબોની ટીમથી મજબૂત બની સેવા

હાલમાં નવી સિવિલ હોસ્પિટલમાં ચાર ન્યૂરોલોજિસ્ટ ડો.હરીશ પારેખ, ડો.જય પટેલ, ડો.પ્રયાગ મકવાણા તથા ડો.રૂતા અને ત્રણ ન્યૂરોસર્જન ડો.મેહુલ મોદી (પ્રો. એન્ડ હેડ), ડો.કેયુર પ્રજાપતિ (એસો. પ્રો.), ડો.ઝેનિલ ગુરૂનાની (આસિ.પ્રો.) અઠવાડિયે વિઝિટ આપી રહ્યા છે. આ ઉપરાંત એક પ્રોફેસર, બે આસિસ્ટન્ટ પ્રોફેસર, એક સિનિયર રેસિડેન્ટ, ત્રણ રેસિડેન્ટ તથા બે સર્જરી રેસિડેન્ટ ફરજ બજાવી રહ્યા છે.

### ખાનગી હોસ્પિટલમાં લાખો ખર્ચ સામે સિવિલમાં નિઃશુલ્ક કે ઓછી ફી

ખાનગી હોસ્પિટલોમાં મગજ, સ્પાઇન અને નર્વ સંબંધિત સર્જરીનો ખર્ચ લાખોમાં પહોંચે છે. જ્યારે નવી સિવિલ હોસ્પિટલમાં આ જ સારવાર અત્યંત ઓછી ફી અથવા સરકારની યોજનાઓ હેઠળ નિઃશુલ્ક મળી રહે છે. પરિણામે ગરીબ દર્દીઓ સમયસર સારવાર મેળવી પોતાનું જીવન બચાવી શક્યા છે.

### એક વર્ષમાં ન્યૂરોલોજી વિભાગે નોંધપાત્ર રેકોર્ડ કર્યો

છેલ્લા એક વર્ષના આંકડાઓ પર નજર કરીએ તો નવી સિવિલ હોસ્પિટલના ન્યૂરોલોજી વિભાગમાં કુલ 15,223 દર્દીએ સારવાર લીધી હતી, જેમાંથી 628 દર્દીને દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. આ આંકડા દર્શાવે છે કે સરકારી હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટી સેવાઓ માટે દર્દીઓનો વિશ્વાસ કેટલો વધ્યો છે.

**નવી સિવિલમાં ન્યૂરોસર્જરીના વર્ષ-2025ના કેસ**

| કેસ | સંખ્યા |
|---|---|
| ઓપીડી | 4,096 |
| દાખલ | 1,367 |
| મોટી સર્જરી | 480 |
| નાની સર્જરી | 11 |

**ન્યૂરોલોજી વિભાગમાં દર્દીઓની ઓપીડી**

| કેસ | સંખ્યા |
|---|---|
| ઓપીડી 15,223 | |
| દાખલ | 628 |

**સુપર સ્પેશિયાલિટી કોર્સથી ભવિષ્ય માટે આશા**

સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટીનો કોર્સ છેલ્લા દોઢ વર્ષથી શરૂ થયો છે. હાલમાં ન્યૂરોલોજીમાં ત્રણ સીટ અને ન્યૂરોસર્જરીમાં બે સીટ ઉપલબ્ધ છે. જ્યારે પ્લાસ્ટિક સર્જરી માટે ઇન્સ્પેક્શન થઈ ચૂક્યું છે, પરંતુ તે હજી મંજૂરીની પ્રક્રિયામાં પેન્ડિંગ છે.

# ભાઈએ બહેનનું વારસદાર તરીકે નામ દબાવી દઈ મિલકત પચાવી

**ખોટું** સોગંદનામું અને બોગસ પેઢીનામું બનાવી મનપામાં મિલકત પોતાના નામે કરાવ્યાનો આરોપ, ભાઈ સામે ગુનો નોંધાયો

સુરત : વરાછા વિસ્તારમાં મિલ્કત હડપ કરવાની લાલચે સગાભાઈએ પોતાની જ બહેનને અંધારામાં રાખી કાયદેસર વારસદાર તરીકેનું નામ છુપાવ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

વરાછાના બોમ્બે માર્કેટ-પૂણાગામ રોડ પર આવેલી ઈશ્વરનગર સોસાયટી વિભાગ-01માં રહેતી રત્ન કલાકાર ચંદ્રાકાબેન સુરેશભાઈ મોરી (ઉ.વ. 42)એ પોતાના સગાભાઈ ધર્મેન્દ્ર પ્રભુભાઈ કણઝરીયા સામે ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાવી છે. ચંદ્રાકાબેનના જણાવ્યા મુજબ, ધર્મેન્દ્ર જે મકાનમાં રહે છે તે તેમના સ્વર્ગસ્થ પિતાની માલિકીની મિલ્કત છે અને તેમાં તેઓ કાયદેસર વારસદાર હોવા છતાંયે તેમને જાણ કર્યા વિના સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ધર્મેન્દ્રએ માત્ર રૂપિયા 50ના સ્ટેમ્પ પેપર પર ખોટું સોગંદનામું તૈયાર કરી નોટરી કરાવી હતી. આ સોગંદનામાના આધારે મહેસૂલ વિભાગના તલાટી સમક્ષ મિલ્કત અંગે બોગસ પેઢીનામું તૈયાર કરાવવામાં આવ્યું હતું, જેમાં ચંદ્રાકાબેનનું વારસદાર તરીકેનું નામ ઈરાદાપૂર્વક છુપાવવામાં આવ્યું હતું. આ ખોટા પેઢીનામાના આધારે આગળ જઈને ધર્મેન્દ્રએ સુરત મહાનગરપાલિકામાં મિલ્કત પોતાના નામે ચઢાવી લીધી હતી. વરાછા પોલીસે ચંદ્રાકાબેન મોરીની ફરિયાદના આધારે ધર્મેન્દ્ર પ્રભુભાઈ કણઝરીયા સામે વિશ્વાસઘાત, છેતરપિંડી અને ખોટા દસ્તાવેજો બનાવવાના ગુનાઓ હેઠળ કેસ નોંધ્યો છે. પોલીસે દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે અને મિલ્કત હસ્તાંતરણની પ્રક્રિયામાં કોણ-કોણ સામેલ હતું તે દિશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદી શ્રીમાળી સોની યુવક સમાજનો વાર્ષિક મહોત્સવ યોજાયો

સુરતઃ શ્રી અમદાવાદી શ્રીમાળી સોની યુવક સમાજ દ્વારા સંસ્થાનો 41મો વાર્ષિક મહોત્સવ, ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઇનામ વિતરણ સમારંભ ચાલુ વર્ષે બારડોલી મુકામે યોજાયો હતો. મહોત્સવની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. આ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કુલ 22 જેટલી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિક્રમી 150 જેટલાએ ભાગ લીધો હતો. ધોરણ 1 થી 10માં શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને વિશેષ ઇનામો આપી નવાજવામાં આવ્યા તેમજ ધોરણ 11 થી કોલેજ સુધીના દરેક વિદ્યાર્થીઓને શિલ્ડ (Shield) એનાયત કરવામાં આવ્યા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારને યાદગીરી રૂપે લહાણી વિતરણ કરવામાં આવી. અંતે સમૂહ ભોજનની વ્યવસ્થા અત્યંત સુદ્રઢ અને સરાહનીય હતી. સંસ્થાના પ્રમુખ તેમજ ઉપપ્રમુખે સમાજના દરેક સભ્યોનો આભાર માન્યો હતો.

### અંબાજી રોડના અંબાજી માતા મંદિરમાં શનિવારે નવચંડી યજ્ઞ થશે

સુરતઃસુરત શહેરનાં કોટ વિસ્તારમાં જૂના અંબાજી રોડનાં પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિરમાં અંબાજી માતાની સાલગીરી નિમિતે પવિત્ર નવચંડી યજ્ઞનો કાર્યક્રમ શનિવાર તારીખ ૦૩/૦૧/૨૦૨૬ નાં રોજ રાખવામાં આવેલ છે. સર્વે શ્રદ્ધાળુ માઈ ભક્તોને દર્શનનો લાભ અને માઁ નાં આશીર્વાદ લેવા સારું પધારવા માટે ગાદીપતિ અને ૧૭માં વારસદાર કૈલાશબા ચંદ્રકાંતભાઈ અંબાજીવાળા, સોલ ટ્રસ્ટીગણમાં નીલમબેન અને મહર્ષિ વિપુલ અંબાજીવાળા તરફથી જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### પ્રેસિડન્સી સ્કૂલમાં પાંચ વિદ્યાર્થીનીઓનું સમૂહ આરંગેત્રમ ભવ્ય રીતે સંપન્ન



સુરતઃ પ્રેસિડન્સી સ્કૂલ દ્વારા સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે યોજાયેલા નવમા સમૂહ આરંગેત્રમ સમારોહમાં સ્કૂલની પાંચ વિદ્યાર્થિનીઓ કુ. જાઝલીન, કુ. કશિશ, કુ. હેમાંક્ષી, કુ. ક્રિષા અને કુ. સાન્વીએ ભરતનાટ્યમની દિક્ષા ગ્રહણ કરી હતી. સ્કૂલમાં વિષયરૂપે સમાવિષ્ટ ભરતનાટ્યમની નિઃશુલ્ક તાલીમ મેળવી વિદ્યાર્થિનીઓએ પુષ્પાંજલિથી મંગલમ સુધીની માર્ગમ પ્રસ્તુતિ કરી હતી. કલાગુરુ મેઘનાબેન મહેતાએ દિક્ષા અર્પણ કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ લાયન મોનાબેન દેસાઈ અને પ્રમુખ કવિયત્રી પ્રજ્ઞાબેન વશીએ સ્કૂલની આ સાંસ્કૃતિક પ્રવૃત્તિને બિરદાવી હતી.

### સુરત જિલ્લા વકીલ મંડળની નવનિયુક્ત ટીમ કાલે ચાર્જ લેશે

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના નવનિયુક્ત ટીમનો મુખ્ય ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ આર.એ. ત્રિવેદી અને ન્યાયાધીશોની ઉપસ્થિતમાં ચાર્જ ગ્રહણ સમારોહ તા. ૨જી, જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવાર, બપોરે ૨.૦૦ રૂમ નં. ૧૦૧૪ કોન્ફરન્સ રૂમ, સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડીંગ, ખાતે રાખવામાં આવ્યો છે.

### ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ દ્વારા અંધજન વિદ્યાર્થીઓને ફૂડ પેકેટ વિતરણ



સુરતઃ સુફી સંત સુલતાનુલ હિન્દ ખ્વાજા ગરીબ નવાઝ અજમેરીના ૮૧૪માં ઉર્ષ પ્રસંગે ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ અંધજન શિક્ષણ મંડળ સંચાલિત અંબાબેન મણીલાલ અંધજન શાળાના વિદ્યાર્થીઓને તા. ૨૩/૧૨/૨૦૨૫ મંગળવારે બપોરે ૨ કલાકે ૧૫૦ બાળકોને ફુડ પેકેટ વિતરણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ શબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, દિવ્યાંગભાઈ પરચીગર, રફીક કાકા, એયમન, ઉમર, ઈકરા તથા ટ્રસ્ટની બહેનો હાજર રહી હતી.

### પદવીદાન સમારંભમાં 200થી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી-પ્રમાણપત્રો એનાયત



સુરતઃ ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી દ્વારા સુરતના વાર્ષિક પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 200થી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમારંભના મુખ્ય અતિથિ તરીકે સુરત શહેરના મેયર દક્ષેશભાઈ માવાણીએ હાજર રહી પદવીધારકો અને વિદ્યાર્થિઓને પ્રેરક ઉદબોધન કર્યું હતું. જ્યારે સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઇપીસી), ગુજરાતના ચેરમેન જયંતિભાઈ સાવલિયાએ પણ ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહી ઉત્સાહ વધાર્યો હતો. ઉપસ્થિત અતિથિઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જેમ્સ તથા જ્વેલરી ઉદ્યોગમાં તેમના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમના પ્રેરણાદાયક પ્રવચનોથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

### વસાવા સમાજના સ્નેહમિલન-પરિચય મેળાવડાનું તા.11મી જાન્યુ.એ આયોજન

સુરતઃ વસાવા સમાજ, સુરત દ્વારા આગામી તા.૧૧-૦૧-૨૦૨૬ના રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ૨૧માં સ્નેહમિલન/અપરિણિત યુવક-યુવતીઓનો પરિચય મેળાવડોનું સુરત મહાનગરપાલિકા કોમ્યુનિટી હોલ, જહાંગીરપુરા ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

### સ્પેશિયલ ખેલ મહાકુંભમાં સુમન હાઈસ્કૂલની વિદ્યાર્થિની તિથિ રવાણી પ્રથમ સ્થાને



સુરતઃ સ્પેશિયલ ખેલ મહાકુંભ 2025-26 અંતર્ગત રાજ્યકક્ષાની 100 મીટર દોડ સ્પર્ધા તા. 31-12-2025 ના રોજ નડિયાદ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં સુમન હાઈસ્કૂલ નં. 19 ની વિદ્યાર્થિની રવાણી તિથી રજનીકાંતભાઈએ ઉત્તમ પ્રદર્શન સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા બનતા તિથિને મેડલ, પ્રમાણપત્ર તેમજ રૂ. 10,000 નું ઇનામ આપવામાં આવ્યું હતું. આ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા તિથીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.